



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૪૦ | ૨૯ જુલાઈ, ૨૦૨૧, ગુરૂવાર; અષાઢ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


## બેન્ક ડૂબવા પર પાંચ લાખ સુધીની રકમ ડિપોઝિટર્સને ૯૦ દિ'માં મળશે

**કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં ડિપોઝિટર્સના હિતમાં મહત્વનો નિર્ણય : મોદી મંત્રીમંડળે ડિપોઝિટ ઇન્શ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન એક્ટમાં સંશોધનને મંજૂરી આપી, સરકારે એક લાખની મર્યાદામાં વધારો કર્યો**

નવી દિલ્હી, તા.૨૮

બેન્ક ડૂબવા પર હવે ડિપોઝિટર્સને ૯૦ દિવસની અંદર ૫ લાખ રૂપિયા સુધીની રકમ મળવાની પ્રક્રિયા પૂરી થઈ જશે. આ નિર્ણય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં લેવામાં આવ્યો છે. તે માટે મંત્રીમંડળે ડિપોઝિટ ઈન્શ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન (ડીઆઈસીજીસી) એકટમાં સંશોધનને મંજૂરી આપી દીધી છે.

મહત્વનું છે કે કોઈ બેક્નના નાદાર થવા અથવા તેનું લાયસન્સ રદ્દ થવા પર તેમાં જમા ડિપોઝિટની ૫ લાખ રૂપિયા સુધીની રકમ સુરક્ષિત થઈ જાય છે, પછી ભલે તેમાં જમા રકમ ગમે એટલી કેમ ન હોય. પહેલા આ લિમિટ ૧ લાખ રૂપિયા હતી, પરંતુ સરકારે તેને વધારી પાંચ લાખ કરી દીધી છે.


બેઠક બાદ નાણા મંત્રી નિર્મલા સીતારમને આ નિર્ણયની જાણકારી આપતા કહ્યુ કે, હવે કોઈ બેન્ક નાદાર થવા કે તેનું લાયસન્સ રદ્દ થવા પર ઈંમ્દ્વારા કોઈ પ્રતિબંધ લાગવા પર ૯૦ દિવસની અંદર ડિપોઝિટરને તેની ૫ લાખ રૂપિયા મળવાની પ્રક્રિયા પૂરી થઈ જશે. બેન્કમાં ડોપોઝિટરની ૫ લાખ રૂપિયા સુધીના જમા પર સુરક્ષાની ગેરંટી, ડિપોઝિટ ઈન્શ્યોરન્સ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન તરફથી હોય છે. આ પાંચ લાખ રૂપિયાની લિમિટમાં એક ડિપોઝિટરની એક બેક્નની બધી શાખાઓમાં રહેલા જમા કાઉન્ટ હોય છે.

દરેક ડિપોઝિટરની દરેક બેક્નમાં ૫ લાખ સુધીની સુરક્ષિત જમામાં મૂળ ધન અને વ્યાજ બંને સામેલ હોય છે.

ડીઆઈસીજીસી બધી બેન્ક ડિપોઝિટ્સને કવર કરે છે. તેમાં કોમર્શિયલ બેન્ક, વિદેશી બેન્કોની ભારતમાં રહેલી બ્રાન્ચો, સ્મોલ ફાઈનાન્સ બેન્ક, કો-ઓપરેટિવ બેન્ક, પેમેન્ટ બેન્ક વગેરે બેન્ક કવર કરે છે. સીતારમને કહ્યું કે, દરેક બેન્કમાં વાસ્તવમાં જમા રકમના ૧૦૦ રૂપિયા માટે ૧૦ પૈસાનું પ્રીમિયમ પ્રાપ્ત થતું હતું. તેને વધારી ૧૨ પૈસા કરવામાં આવી રહ્યું છે. આ કોઈપણ સમયે પ્રતિ ૧૦ રૂપિયા માટે ૧૫ પૈસાથી વધુ ન હોવું જોઈએ. આગળ કહ્યું કે, ડીઆઈસીજીસી બિલ ૨૦૨૧ હેઠળ, બધા જમાઓને ૯૮.૩ ટકા કવર કરવામાં આવશે અને જમા મૂલ્યના સંદર્ભમાં, ૫૦.૯ ટકા જમા મૂલ્યને કવર કરવામાં આવશે. વૈશ્વિક જમા મૂલ્યની મર્યાદા ખાતોના માત્ર ૮૦ ટકા છે. અહીં જમા મૂલ્યને માત્ર ૨૦-૩૦% કવર કરે છે.

## બારાબંકીમાં બસ-ટ્રક વચ્ચે અકસ્માતમાં ૧૮નાં મોત

**અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થતાં હોસ્પિટલમાં દાખલ : લખનઉ-અયોધ્યા હાઈવે પર રોડ કિનારે એક ખરાબ થયેલી ડબલ ડેકર બસને લખનઉ તરફ જઈ રહેલા ટ્રેલરે જોરદાર ટક્કર મારી દીધી**



બારાબંકી,તા.૨૮

ઉત્તર પ્રદેશના બારાબંકીમાં મોડી રાત્રે એક કંપાવી દેનારો માર્ગ અકસ્માત થયો છે. લખનઉ-અયોધ્યા હાઈવે પર રોડ કિનારે એક ખરાબ થયેલી ડબલ ડેકર બસમાં લખનઉ તરફ જઈ રહેલા ટ્રેલરે જોરદાર ટક્કર મારી દીધી. આ બસમાં સવાર અને તેની નીચે સૂઈ રહેલા લોકો તેને ઝપટમાં આવી ગયા. ટક્કર એટલી જોરદાર હતી કે દુર્ઘટનામાં લગભગ ૧૮ લોકોનાં કરૂણ મોત થયા છે. જ્યારે અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘાયલોને સીએચસી પર પ્રાથમિક સારવાર બાદ જિલ્લા હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ત્યારબાદ ગંભીર રીતે ઘાયલોને ટ્રોમા સેન્ટર લખનઉ રેફર કરવામાં આવ્યા છે. આ દુર્ઘટના રામસનેહીઘાટ પોલીસ સ્ટેશનની હદમાં લખનઉ-અયોધ્યા હાઈવે પર કલ્યાણી નદીના પુલ પર થયો. મળતી જાણકારી મુજબ, પુલ પર ખરાબ થઈને ઊભી રહેલી ડબલ ડેકર બસમાં લખનઉ તરફ જઈ રહેલા ટ્રક-ટ્રેલરે જોરદાર ટક્કર મારી દીધી. તેના કારણે બસમાં સવાર અને તેની નીચે સૂઈ રહેલા લોકો ઝપટમાં આવી ગયા. ટક્કર એટલી જોરદાર હતી કે ૧૧ મુસાફરોનાં ઘટનાસ્થળે જ મોત થઈ ગયા.

● અનુસંધાન પાન-૭ પર

## કિશ્તવાડમાં વાદળ ફાટતાં ૭નાં મોત, ૩૬ લોકો ગૂમ

**અકસ્માત બાદ ગૂમ થયેલા લોકોની શોધ જારી : લગભગ ૪.૨૦ વાગ્યાની આસપાસ વાદળ ફાટવાથી છ ઘર અને એક રાશન ડેપો તેની ઝપટમાં આવી ગયા**



શ્રીનગર,તા.૨૮

જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડમાં વાદળ ફાટવાશી ચાર લોકોના મોત થયા છે. કિશ્તવાડ જિલ્લાના હોનજર વિસ્તારમાં સવારે લગભગ ૪.૨૦ વાગ્યાની આસપાસ વાદળ ફાટવાથી છ ઘર અને એક રાશન ડેપો તેની ઝપેટમાં આવી ગયા. આ અકસ્માત બાદ ૩૬ લોકો ગૂમ છે. જેમના મોતની ભીતિ સેવાઈ રહી છે. કિશ્તવાડમાં વાદળ ફાટ્યા બાદ ભારતીય સેના, એનડીઆરએફ, જમ્મુ કાશ્મીર પોલીસ અને પ્રશાસનની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને રેસ્ક્યૂ ઓપરેશન ચલાવી રહી છે. રેસ્ક્યૂ ટીમ અકસ્માત બાદ ગૂમ થયેલા લોકોની શોધમાં લાગી છે. હોનજર આંતરિયાળ વિસ્તાર છે આથી રાહત ટીમને ખુબ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. કિશ્તવાડના એકએસપી શફકત ભટે જણાવ્યું કે ચાર મૃતદેહો મળી આવ્યા છે. અકસ્માત બાદ અનેક લોકો ગૂમ છે. જેમની સંખ્યા ૩૬ની આસપાસ છે. તેમણે કહ્યું કે તેમને ભાળ મેળવવાના પ્રયત્નો થઈ રહ્યા છે. અધિકૃત સૂત્રોએ જણાવ્યું કે તેમના માર્યા ગયા હોવાની શંકા છે. જિલ્લા પોલીસ કિશ્તવાડે ટ્વીટ કરીને અકસ્માતની જાણકારી આપી અને હેલ્પલાઈન નંબર જાહેર કર્યા. પોલીસે ટ્વીટ કરીને કહ્યું કે કિશ્તવાડમાં ભારે વરસાદને જોતા ઈમરજન્સી સ્થિતિમાં લોકો આ નંબર પર સંપર્ક કરી શકે છે. હિમાચલ પ્રદેશના લાહોલ-સ્પીતિમાં પણ વાદળ ફાટવાની ઘટના સામે આવી છે. લાહોલ સ્પીતિમાં વાદળ ફાટવાથી અચાનક પૂર આવ્યું જેના કારણે ૧૦ લોકો ગૂમ છે. હિમાચલ પ્રદેશ પોલીસ અને આઈટીબીપીની ટીમો ગૂમ થયેલા લોકોની શોધ કરી રહી છે. જો કે મંગળવારે પાણીના પૂરપાટ પ્રવાહના કારણે રેસ્ક્યૂ ઓપરેશનમાં વિઘ્ન આવ્યું હતું. આજે સવારથી ફરીથી રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરાયું છે.

## દેશમાં એક જ દિવસમાં કોરોના કેસોમાં ૧૪ હજારનો વધારો

**છેલ્લા ૨૪ કલાકમાં ૪૩ હજારથી વધુ પોઝિટિવ કેસ, ૬૪૦ના મોત : કેરળ માટે કાળ બન્યો કોરોના : બીજી લહેર બાદ પહેલીવાર એક દિવસમાં નોંધાયા ૨૨,૦૦૦ નવા કેસ, કોરોનાના નવા ૬૫ ટકા કેસ સાત રાજ્યોમાંથી આવ્યા : દેશમાં રિકવરી રેટ ૯૭.૩૯ ટકા**

ન્યુ દિલ્હી,તા.૨૮

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા કોરોનાના કેસોમાં ૪૭ ટકાનો વધારો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૩,૬૫૪ નવા કેસ સામે આવ્યા છે, જ્યારે ૬૪૦ લોકોનાં મોત થયા છે. તેની સામે છેલ્લા ૨૪ કલાકમાં ૪૧,૬૭૮ દર્દી સાજા થયા છે. ભારતમાં કોરોનાના સક્રિય કેસની સંખ્યા ૩,૯૯,૪૩૬ છે.

છેલ્લા ૨૪ કલાકમાં સામે આવેલા કોરોનાના નવા કેસોમાં અડધાથી વધુ કેસ માત્ર કેરળમાં છે. કેરળમાં મંગળવારે કોરોનાના ૨૨,૧૨૯ નવા કેસ સામે આવ્યા છે. જે ૨૯ મે બાદ એક દિવસમાં મળેલા સંક્રમિતોની સૌથી મોટી સંખ્યા છે.

દેશમાં રિકવરી રેટની વાત કરીએ તો તે ૯૭.૩૯ ટકા છે. અત્યાર સુધી કોરોનાથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા ૩,૦૬,૬૩,૧૪૭ થઈ ગઈ છે. વીકલી પોઝિટિવિટી રેટ ૫ ટકાની નીચે ૨.૩૬ ટકા પર છે. ડેલી પોઝિટિવિટી રેટ પણ ૫ ટકાની નીચે ૨.૫૧ ટકા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૦,૦૨,૩૫૮ વેક્સિનેશન થયું છે. અત્યાર સુધી કુલ ૪૪,૬૧,૫૬,૬૫૯ વેક્સિન અપાઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં આવેલા કેસમાં ૬૫ ટકા ઉપરના કેસ સાત રાજ્યોમાંથી જ આવ્યા છે. આ રાજ્યો છે કેરળ, મિઝોરમ, મણિપુર, આસામ, મેઘાલય, ત્રિપુરા, કેરળ અને સિક્કીમ. કેરળમમાંથી ૨૨,૧૪૯, મિઝોરમમાંથી ૧,૮૪૫ મણિપુરમાંથી ૧,૧૬૫, આસામમાંથી ૧,૪૩૬, મેઘાલયમાંથી ૭૧૦, ત્રિપુરામાંથી ૮૧૯ અને સિક્કીમમાંથી ૪૪૦ નવા કેસ આવ્યા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર, દેશમાં ૪૪.૫૮ કરોડથી વધુ વેક્સિન ડોઝ અપાયા છે. મંગળવારે ૩૬.૮૭ લાખ ડોઝ આપવામાં આવ્યા. ૧૮-૪૪ વયના લોકોને ૧૭,૭૧,૫૪૧ લોકોને પ્રથમ ડોઝ અને ૨,૬૯,૪૨૧ લોકોને બન્ને ડોઝ અપાયા છે.

## રાજ કુંદ્રાની જામીન અરજી કોર્ટે નામંજૂર કરી

મુંબઈ,તા.૨૮

અશ્લીલ ફિલ્મના કેસમાં રાજ કુંદ્રાની જામીન અરજી પર આજે એટલે કે ૨૮ જુલાઈના રોજ સુનાવણી થવાની હતી. કોર્ટે ગઈકાલે એટલે કે મંગળવારે થયેલી સુનાવણીમાં રાજ કુંદ્રાને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલ્યો હતો હતો. મંગળવારે બોમ્બે હાઈકોર્ટે કુંદ્રાને તાત્કાલિક રાહત આપી ન હતી. અશ્લીલ ફિલ્મોના નિર્માણ અને કેટલીક એપ્સ દ્વારા તેને અપલોડ કરવાના કેસમાં ૧૯ જુલાઈએ કુંદ્રાની ધરપકડ કરવામાં આવી હતી. આ મામલે ધરપકડ કરાયેલા રાજ કુંદ્રા અને રાયન થોર્પેએ જામીન અરજી કરી હતી જેની સુનાવણી આજે એસ્પ્લેનેડ કોર્ટમાં થઈ.

કુંદ્રાની જામીનની અરજી પર કોર્ટે આજે સુનાવણીમાં રાજ કુંદ્રાને મોટો ફટકો આપ્યો છે. અશ્લીલતા મામલે મુંબઈની કિલા કોર્ટે રાજ કુંદ્રા અને રાયન થોર્પની જામીન અરજી નામંજૂર કરી છે.

## કર્ણાટકના મુખ્યમંત્રીપદે બસવરાજે શપથ લીધા

**મુખ્યમંત્રીએ જ શપથ લેતાં મંત્રીમંડળનો વિસ્તાર પછીથી કરવાના સંકેત, યેદિયુરપ્પાના આશિર્વાદ લઈ શપથ લીધા**

બેંગલુરૂ, તા.૨૮

કર્ણાટકમાં આજથી નવા



મુખ્યમંત્રી બસવરાજ એસ બોમ્મઈનું શાસન ચાલશે. બસવરાજ બોમ્મઈએ બુધવારે સવારે ૧૧:૦૦ કલાકે રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. હાલ ફક્ત બોમ્મઈએ જ શપથ ગ્રહણ કર્યા છે મતલબ કે મંત્રીમંડળનો વિસ્તાર બાદમાં કરવામાં આવશે.

બોમ્મઈએ શપથ ગ્રહણ પહેલા પોતાના દિવસની શરૂઆત કેટલાક નેતાઓ સાથે બાલાબ્રુયી ગેસ્ટ હાઉસ પાસે અંજનેય મંદિરમાં જઈને કરી હતી અને ભગવાનના આશીર્વાદ લીધા હતા. તે સિવાય રાજભવનમાં પણ જ્યારે તેઓ શપથ ગ્રહણ કરવા માટે મંચ પર જઈ રહ્યા હતા ત્યારે તેમણે બી.એસ. યેદિયુરપ્પાના આશીર્વાદ લીધા હતા.

કર્ણાટકમાં બી.એસ. યેદિયુરપ્પાના રાજીનામા બાદ ભારતીય જનતા પાર્ટીએ બસવરાજ એસ બોમ્મઈને ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદ કર્યા છે. કેન્દ્રીય સુપરવાઈઝર્સની આગેવાનીમાં મંગળવારે બેંગલુરૂ ખાતે ધારાસભ્ય દળની બેઠક યોજાઈ હતી જેમાં બોમ્મઈના નામ પર મહોર લાગી હતી.

બસવરાજ બોમ્મઈએ પોતાની રાજકીય કરિયરની શરૂઆત જનતા દળથી કરી હતી અને ત્યાર બાદ તેઓ ભારતીય જનતા પાર્ટીનો હિસ્સો બન્યા હતા.